જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૨/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૯૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૪૩	૦	૧૧૨૪૩	૧૭૩૭૫	૦	૧૭૩૭૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૯	૦	૬૯	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૮૮૧	૮	૨૮૮૮૯	૩૦૧૯૩	૧૦	૩૦૨૦૩
કુલ		૪૪૮૯૫	૮	૪૪૯૦૩	૫૪૦૬૯	૧૦	૫૪૦૭૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૭	૯,૬૯,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૨	૧,૦૨,૦૦૦/-

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :

ગણનાપાત્ર કેસ કરી ગંજીફા પાનાનો જુગાર રમતા છ ઇસમોને પકડી પાડતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.સા.શ્રી તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડીવીજન નાઓ તરફથી પ્રોહી/જુગારની પ્રવુતી નેસ્તો નાબુદ કરવા સુચના મળેલ હોય જે અનુસંધાને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એસ.જે.બલોચ સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ પ્રોહી/જુગારના ગુન્હાઓ શોધી કાઢવા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા સા.શ્રીની સુચનાથી એ.એસ.આઇ નારણભાઇ મુળજીભાઇ બ.નં.૭૫૫૭ તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કોન્સ મુકેશકુમાર ખીમાભાઇ બ.નં.૧૩૦૮૨ તથા અ.લો.૨ અનિરૂધ્ધસિહ પ્રતાપસિહ બ.નં.૬૦૭ નાઓને મળેલ સંયુકત બતામી હકિકત આધારે રાયખડ પ્રાશંતમીલ કંપાઉન્ડની અંદર જાહેરમા રેઇડ કરી ઇસમો નામે નં-(૧) હમીદહુસેન ધીરૂભાઇ ચાવડા ઉ.વ.૨૬ ધંધો.નોકરી રહે.મ.નં.૨૦૭૨ દેસાઇની ચાલી અંબેમાતાના મંદિરની સામે રાયખડ અમદાવાદ શહેર+૦૫=૦૬ નાઓ સાથે મળી પોતાના અંઅગત ફાયદા સારૂ હારજીતનો ગંજીફા પાનાનો જુગાર રમી અંગજડતી તથા દાવ ઉપર નાણા મળી કુલ્લે રૂ.૯૪૬૦/-તથા દાવ ઉપરના રૂ.૧૪૫૦/- મળી કુલ્લે રોકડ નાણાં રૂ.૧૦૯૧૦/- (દસ હજાર નવસો દસ હજાર પુરા) તથા ગંજીફા પાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/- તથા મોબાઇલ નંગ-૪ ની કિ.રૂ.૧૫૦૦૦/- જે કુલ્લે રૂ.૨૫૯૧૦/- ની મતાનો મુદામાલ સાથે મળી આવતા તેઓના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે. તા.૧૪/૦૨/૨૦૨૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૦૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૨૬ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૨૬ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૯૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૦૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૩૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ત્યજી દિધેલ તાજી જન્મેલ બાળકી મળી આવી:- **સમાચાર યાદી નં.૩૦૨/૨૦૨૧**

શાહીબાગ : તા.૧૩/૦૨/૨૦૨૧ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે પ્રિતમપુરા મ્યુ. સ્કુલની સામેના રોડ ઉપર આંખની હોસ્પિટલની દિવાલ પાસે જાહેર શૌચાલયની બાજુમાં મુકેલ મ્યુ. કોર્પોરેશનના કચરાના ડબ્બા પાસે રોડ ઉપર તાજી જન્મેલ જીવિત બાળકી બીનવારસી ત્યજી દિધેલ હાલતમાં મળી આવતા શાહીબાગ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

એલીસબ્રીજ : તા.૧૪/૦૨/૨૦૨૧ ના કલાક ૮/૧૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે એલીસબ્રીજ કોચરબ ગામ, દેવભુવન ની સામે, કચરાની ગાડી (છોટા હાથી)માં સફેદ કલરની પ્લાસ્ટીકની થેલીમાં તાજી જન્મેલ મૃત બાળકી બીનવારસી ત્યજી દિધેલ હાલતમાં મળી આવતા એલીસબ્રીજ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી વી.આઈ.રબારી ચલાવે છે.

ચોરી :- **સમાચાર યાદી નં.૩૦૩/૨૦૨૧**

રીવરફ્રન્ટ વેસ્ટ : આહનાસેન વા/ઓ હેમંત મુખર્જી (ઉ.વ.૩૮)(રહે.જયલક્ષ્મી ફલેટ, સાથી નિવાસ સોસાયટી, ગણેશકુંજ સોસાયટીની બાજુમાં, વાસણા)એ તા૧૪/૦૨/૨૦૨૧ નારોજ રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૨/૨૦૨૧ બપોરના ૧૨/૩૦ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન રીવરફ્રન્ટ પશ્ચિમ તરફના વિશ્વકુંજ ત્રણ રસ્તા પાસેના ખુલ્લા મેદાનમાં પાર્ક કરેલી પોતાની મોપેડ ની ડેકીનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ડેકીમાંથી વન પ્લસ કંપનીનો મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-, સોનાની બુટ્ટી કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-, રોકડા રૂપિયા ૪,૦૦૦/- તથા એચ.ડી.એફ.સી.બેંકના એ.ટી.એમ. કાર્ડમાંથી ઉપાડેલ રૂપિયા ૫૦,૦૦૦/- તેમજ ગુગલ-પે થી યુ.પી.આઇ. કરેલ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયેલ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચન્દ્ર આત્મારામ ચલાવે છે.

વાડજ : મનોજભાઇ નરેશચંન્દ્ર ભટ્ટ (ઉ.વ.૫૬)(રહે.વિરાટ એપાર્ટમેન્ટ, મેહફીલ રેસ્ટોરન્ટની સામે, સોલા સતાધાર ક્રોસ રોડ, ઘાટલોડીયા) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૨/૨૦૨૧ ના કલાક ૨/૪૫ વાગ્યાના સુમારે નારણપુરા રેલ્વે ક્રોસીંગ કલશ રેસીડેન્સી-૨ ની આગળ એક ઓટોરીક્ષા(જેનો નંબર ખબર નથી) માં આવેલ ત્રણ અજાણ્યા પુરૂષ એ ભેગામળી મનોજભાઇને હાથ બતાવી ઉભા રાખી, સોલા બ્રીજ સાઇન્સ સીટી તરફ જવાનો રસ્તો પુછી, બંન્ને હાથ પકડી મનોજભાઇની નજર ચુકવી તેમના જમણા હાથની આંગળીમાં પહેરેલ સોનાની વીંટી કિમત રૂપિયા ૪૦,૦૦૦/- કાઢી લઇ રીક્ષા લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ગોરધનસિંહ રેવતસિંહ ચલાવે છે.

કાલુપુર : રીતેષભાઇ કૌશિકભાઇ પટેલ (રહે.ટેબલાફળી સ્વામીનારાયણ મંદિરની પાસે, સોમનાથ મહાદેવ રોડ, દહેગામ જી.ગાંધીનગર) એ તા.૧૪/૦૨/૨૦૨૧ બપોરના ૪/૪૦ થી ૪/૫૫ વાગ્યા દરમ્યાન ખાડીયા ચાર રસ્તા પર આવેલ "રાજેન્દ્ર ટ્રેડીંગ" નામની દુકાન આગળ રોડ ઉપર પાર્ક કરેલ પોતાની ગાડીના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ ગાડીમાં મુકેલ બેગમાંથી રોકડ રૂપિયા ૩,૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની ફરીયાદ રીતેષભાઇ પટેલ એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.સરવૈયા ચલાવે છે.

<u>પાણીની ટાંકીમાં પડી જતાં મૃત્યુ :-</u> **<u>સમાચાર યાદી નં.૩૦૪/૨૦૨૧</u>**

વટવા જી.આઇ.ડી.સી. : શંકરભાઇ નારણભાઇ મીણા (ઉ.વ.૨૫)(રહે.મંજીલ આઇસ ફેક્ટરી ફેઝ-૪ જીઆઇડીસી વટવા) તા.૧૪/૦૨/૨૦૨૧ ના કલાક ૯/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પાવર હાઉસ ઉમીયા ડાયનીંગ હોલ પાસે પાણીના વાલની કુંડી(ટાંકી) મા પડી જતા માથાના ભાગે ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા જી.આઇ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલભાઇ ગોવિદભાઇ ચલાવે છે.

<u>આત્મહત્યા :-</u> **<u>સમાચાર યાદી નં.૩૦૫/૨૦૨૧</u>**

શહેરકોટડા : અનુબેન ડો/ઓ રામલાલ ડાભી (ઉ.વ.૨૯)(રહે.ન્યુ રાજસ્થાન કોલોની, ગુપ્તા ડેરીની બાજુમાં, પ્રેમનગર મેમ્કો) એ કોઇ કારણસર તા.૧૪/૦૨/૨૦૨૧ કલાક ૧૨/૪૦ વાગ્યા ના સુમારે પોતાના મકાનની છત સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મગનભાઇ જીવાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી